1. દક્ષિણ ભારતીય મંદિરોની વિશેષતાઓ જણાવો.

➢ સમ્રાટ હર્ષવર્ધન પછીના યુગમાં સ્થાપત્યક્ષેત્રે સૌથી વધુ મંદિરો નું નિર્માણ થયું. મંદિરની શિલ્પકલાના બે ભાગ છે : (1) ઉત્તર ભારતની શિલ્પ કલા અને (2) દક્ષિણ ભારતની શિલ્પકલા. દક્ષિણ ભારતમાં સ્થાપત્ય શૈલી દ્રવિડ હોલી કે જુદા જુદા રાજવંશોના નામે જન્મ કે 'પલ્લવ શૈલી', 'ચાલુક્ય શૈલી, 'ચૌલ રોલી' વગર નામથી ઓળખાય છે.

➢ ખામાં 'પલ્લવ શૈલી'નાં મંદિરો અત્યંત નોંધપાત્ર છે. ડુંગરોને ગુફાની જેમ કોતરીને બનાવેલા પલ્લવ શૈલીનાં સ્થાપત્યો મંડપ નામથી ઓળખાય છે, તેને 'ગુફામંદિરો' પણ કહેવામાં આવે છે. આ ગુફામંદિરોમાં પલ્લવ રાજા મહેન્દ્ર વર્માએ બંધાવેલો 'ઊંડવલ્લી મંડપ' ખૂબ પ્રસિદ્ધ છે. રાષ્ટ્રકૂટ રાજાએ બંધાવેલ ક્લાસ મંદિરનું સ્થાપત્ય ઉત્કૃષ્ટ છે.

➢ મંદિર સ્થાપત્યમાં ગર્ભગૃપને ફરતો પ્રદક્ષિણાપથ, મંડપ, મુખમંડપ ઉપરાંત પિરામિડ ખાકારની પગથિયાવાળી ટોચ વગેરે અંગો જોવા મળે છે. દક્ષિણ ભારતનાં મંદિરો શંકુ આકારનાં અણીદાર શિખરોવાળો છે. આ શિખરો પિરામિડ આકારનાં એક માળની ઉપર બીજો માળ એ પ્રકારનાં હોય છે. 'ગોપુર' (મંદિરનું પ્રવેશદ્વાર) એ યુગના દક્ષિણ ભારતનાં મંદિરોની વિશેષતા છે. આ યુગમાં દક્ષિણ ભારતમાં ધાતુનાં શિલ્પો બનાવવાની કલાનો વિકાસ થયો હતો, ચિત્ર જિલ્લામાંથી મળેલી કાંસાની 'નટરાજ'ની મૂર્તિ ધાતુશિલ્પ કલાનો સવોત્તમ નમૂનો છે.

2. ઈસુની સાતમીથી બારમી સદીમાં ભારતમાં કયા મહાન રાજાઓ થયા?

➢ ઈસુની સાતમીથી બારમી સદી સુધીમાં ભારતમાં અનેક નાનાં-મોટાં સ્વતંત્ર રાજ્યોની સ્થાપના થઈ. એમાં મોટાં ભાગનાં રાજયો રાજપૂત રાજ્યો હતો. આથી ભારતના ઇતિહાસમાં આ સમયને "રાજપૂત યુગ" કહે છે. ઈસુની સાતમી સદીમાં ઉત્તર ભારતમાં સમ્રાટ હર્ષવર્ધન અને દક્ષિણ ભારતમાં પુલકેશી બીજો મહાન રાજાઓ હતા.

➢ હર્ષવર્ધન અને પુલ કેશીના મૃત્યુ પછી ઉત્તર કે દક્ષિણ ભારતમાં કોઈ બળવાન રાજા ન હોવાથી વિશાળ સામ્રાજ્યના ટુકડા થયા અને તેમાંથી નાના-મોટાં રાજપૂત રાજ્યો સ્થપાયાં. આ રાજપૂતો ટેકીલા, બહાદુર, સાહસિક અને લડાયક હતા. તેમનાં લોહીમાં શૌર્ય અને સ્વાર્પણની ભાવના હતી. તેઓ પોતાનાં વતન અને વચન માટે સર્વસ્વનો ભોગ આપવા તૈયાર રહેતા. તેઓ દેશ અને ધર્મ માટે યુદ્ધભૂમિમાં લડતાં લડતાં મૃત્યુ પામવામાં ગૌરવ અનુભવતા. તેઓ 'ગૌ-બ્રાહ્મણ પ્રતિપાલક' હતા. તેમાં મહિલા સન્માનની ભાવના ઉચ્ચ કક્ષાની હતી. યુદ્ધમાં પરાજયનો સામનો કરવાને બદલે 'કેસરિયાં કરવામાં ગૌરવ અનુભવતાં. રાજપૂતોએ ભારતીય સંસ્કૃતિના વારસાને સમૃદ્ધ બનાવ્યો હતો.

3. કુમારીલ ભટે કયો ઉપદેશ આપ્યો ?

➢ કુમારીલ ભટ્ટ આઠમી સદીમાં થઈ ગયા. તેમનો જન્મ અસમમાં થયો હતો. તેમણે કર્મ અને ભક્તિનો ઉપદેશ આપ્યો હતો. તેમણે જ્ઞાન કરતા ધાર્મિક ક્રિયાઓનું વધુ મહત્ત્વ દર્શાવ્યું હતું. કુમારીલ ભટ્ટે વિશિષ્ટ હેત નો સિદ્ધાંત આપ્યો હતો. તેમણે થશો અને કર્મકાંડ પ્રચલિત કર્યા હતા.

4. દેલવાડાનાં દર્શ ક્યાં આવેલાં છે ? તે કોણે બંધાવ્યાં હતાં?

- દેલવાડાના દેરાં માઉન્ટ આબુ (રાજસ્થાન) ખાતે ‘દેલવાડા’માં આવેલાં છે, તે ગુજરાતના સોલંકી યુગમાં બનાવવામાં આવ્યાં છે. દેલવાડાનાં જૈન દેરાં બારસપહાણમાંથી બનાવવામાં આવેલાં શ્રેષ્ઠ સ્થાપત્યો છે. તેના ધુમ્મટમાં કોતરેલી કલા કતિઓ વિશ્વની બેનમુન કલાકૃતિનો છે, 12મી સદીમાં વસ્તુપાળ અને તેજપાળ નામના વણિક પ્રધાનોએ આ મંદિરો બંધાવ્યાં હતાં.

5. હર્ષવર્ધન પછીના સમયમાં થયેલા વિજ્ઞાન અને ટેકનોલૉજીના વિકાસની સમજૂતી આપો.

- હર્ષવર્ધન પછીના સમયમાં વૈદકશાસ્ત્ર પદ્ધતિનો ખૂબ વિકાસ થયો હતો. નવમી સદીમાં થયેલા વાગભટ્ટ ભારતના વૈદકશાસ્ત્રીઓમાં ખૂબ જાણીતા છે. તેમણે ‘અષ્ટાંગ હૃદય’ નામનો પ્રખ્યાત ગ્રંથ લખ્યો. આરબો દ્વારા ભારતની ગણિતવિધાનો ફેલાવો યુરોપના દેશોમાં થયો. ભાસ્કરાચાર્ય નામના પ્રખ્યાત ગણિતશાસ્ત્રીએ પોતાની પુત્રી ‘લીલાવતી’ના નામનો બીજ ગણિતનો ગ્રંથ લખ્યો. ભાસ્કરાચાર્યે પોતાના ગ્રંથમાં એવો ઉલ્લેખ કર્યો, કે કોઈ પણ સંખ્યાને ‘શૂન્ય’ વડે ભાગવામાં આવે, તો તેનો ઉત્તર ‘અનંત અંકો’ સુધી આવે. આ ગ્રંથમાં ચતુર્ભુજ ક્ષેત્રફળ એની બાજુઓ પરથી શોધવાની રીત આપી. ભાસ્કરાચાર્યે ‘સિદ્ધાંત શિરોમણિ’ નામનો ગ્રંથ ચાર ભાગમાં લખ્યો. આ પુસ્તકનો અનુવાદ અરબી અને ફારસી ભાષામાં થયો ઔષધશાસ્ત્ર પર લખાયેલા ગ્રંથો ‘ચરકસંહિતા’ અને ‘સુશ્રુતસંહિતા’નો અનુવાદ અરબી અને તિબેટિયન ભાષામાં થયો છે. માધવાચાર્ય (માધવ) ઓષધિવિજ્ઞાન પર ઘણા સંશોધન ગ્રંથો લખ્યા. નવમી સદીમાં ગોવિંદ ભગતે રસાયણશાસ્ત્રને લગતો ‘રસહદય’ ગ્રંથ લખ્યો. મુંજાલે ‘ખગોળશાસ્ત્ર’ નામના ગ્રંથની રચના કરી.